# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,ભુજ

P G V C L

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમીટેડ

પાવર હાઉસ કમ્પાઉન્ડલ જી કે જનરલ હોસ્પિટલલ સામેલભુજ

ફોન: ૦૨૮૩૨-૨૪૩૫૫૦ ફેક્સ:૦૨૮૩૨-૨૫૦૦૪૮

E-Mail- forumbhuj.pgvcl@gebmail.com


નં:કેસી/સીજીઆરએફ/૨૦૨૨ / 62   તારીખ: 27/9/22

રજી. એ. ડી. દ્વારા

પ્રતિશ્રી,

એસ પોદાર ઈન્ટરનેશનલ ઇન્ડિયા પ્રા. લી.,

સર્વે નં.૨૩૧ થી ૨૩૪,

ગામ: લુણવા તા.ભચાઉ

જી.કચ્છ પીન.૩૭૦૧૪૦

વિષય :-કેસ નંબર પીજી ૦૨/૦૦૨/૨૦૨૨-૨૩

સંદર્ભ :- <u>આપની અરજીનોંધણી નં. પીજી૦૨/૦૦૨/૨૦૨૨-૨૩</u>

મહાશય શ્રી,

આપના દ્વારા ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ ભુજ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે. જે આપની જાણ સારૂં.

કન્વીનર

ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,ભૂજ.

dc

<u>બિડાણ-ઉપર મુજબ</u>

(૧)અધિક્ષક ઈજનેર,પીજીવીસીએલ,વર્તુળ કચેરી,અંજાર

(૨)કાર્યપાલક ઈજનેર,પીજીવીસીએલ,વિભાગીય કચેરી, ભચાઉ

....... ચુકાદાની નકલ સામેલ છે.ગુજરાત વિધુત નિયંત્રણ આયોગ(ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો-૨૦૧૧ જાહેરનામા ક્રમાંક ૨/૨૦૧૧ ની વિનિયમ નં ૨.૫૦ ફોરમે પસાર કરેલ આદેશ પરવાનેદાર અને ફરીયાદીને બંધનકર્તા રહેશે.તેમજ વિનિયમ નં ૨.૫૧ અનુંસાર સદર આદેશનું પાલન આદેશ મળ્યાના ૨૧ દિવસ ની અંદર કરવાનું રહેશે. જે અંગે વિનિયમ નં ૨.૫૨ અનુંસાર ફોરમ અને ફરીયાદીને પાલનની તારીખથી ૭(સાત) દિવસ અંદર ફોરમના આદેશ અંગે પાલન અહેવાલ રજુ કરવો. ફોરમના આદેશનું પાલન ન કરવાની બાબતે વિનિયમોના ભંગ ગણવામાં આવશે અને યોગ્ય ઉપાયાત્મક પગલાં માટે જવાબદાર બનશે જેની નોંધ લેશો.

## ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, ભુજ

**પશ્ચિમ ગુજરાત વિજ કંપની લી.**

પાવર હાઉસ કમ્પાઉન્ડ, જી.કે.જનરલ હોસ્પિટલ સામે, ભુજ

ફોન નંબર ૦૨૮૩૨-૨૪૩૫૫૦ ફેક્ષ ૦૨૮૩૨-૨૫૦૦૪૮

Email- forumbhuj.pgvcl@gebmail.com


નં.કેસી/સીજીઆરએફ/૨૦૨૨ તા. / /૨૦૨૨

૨૦૦૩ ના ભારતીય વિજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિધ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૯ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વિજ કંપની લી. ભુજના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG-02-002-2022-23

**પોદાર ઇન્ટરનેશનલ(ઇન્ડિયા) પ્રાઈવેટ લી.ના અધિકારી**
**વિશાલભાઇ શર્મા**
રે.સર્વે નં.૨૩૧થી ૨૩૪
ગામ:- લુણવા , તા:- ભચાઉ જી:-કચ્છ................અરજદાર.

વિરુધ્ધ

**કાર્યપાલક ઈજનેરશ્રી,**
પીજીવીસીએલ વિભાગીય કચેરી, ભચાઉ -કચ્છ ............સામાવાળા.

બાબત:- પ્રોરેટા ચાર્જ રીફંડ અંગે...

અરજદાર તરફે :- શ્રી વિશાલભાઈ શર્મા
સામેવાળાના તરફે :- શ્રી વી.જે.ડઢાણીયા.(કાર્યપાલક ઈજનેર)
પીજીવીસીએલ વિભાગીય કચેરી, ભચાઉ

કોરમ: (૧) શ્રી એન.સી.મકવાણા - ચેરપર્સન
(૨) શ્રી આર.જી.કુંપાવત – સ્વતંત્ર મેમ્બર
(૩) શ્રી પી.સી.કાલરીયા – મેમ્બર ટેક

સુનાવણી સ્થળ:- કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ વર્તુળ કચેરી, ભુજ
તા.: ૦૧/૦૯/૨૦૨૨

ઠરાવ

૧. આ કામના અરજદારની અરજીની હકીકત એવી છે કે તેઓ ભચાઉ વિભાગીય કચેરી હેઠળ ગ્રાહક નં. ૩૪૨૨૧થી ૬૬ કેવી વાળું કુલ્લ ૧૮૭૫૦ કેવીએનું કનેક્શન ધરાવે છે.

તેમણે ઉપરોકત કનેક્શન માટે પીજીવીસીએલ તરફથી પત્ર નંબર PGVCL/COMM/21216 DT.03/11/2021 તથા જેટકો તરફથી પત્ર નં.CE(ROC)EE-C/DE/652/2329 DT.28/10/2021નવા કનેકશનનું એસ્ટીમેન્ટ મળેલ જે તેઓએ ભરપાઈ કરી આપેલ અને અમોને આ પ્લાન્ટ ગુજરાત એન.આર.ઈ.કોક.પ્રા.લી.પાસેથી એન.સી.એલ.ટી.દ્વારા ખરીદ કરેલ છે.ગુજરાત એન.આર.ઈ.કોક.પ્રા.લી.આ જગ્યાએ ૨૫૦૦૦ કેવીએનું કનેક્શન ગ્રાહક નં. ૩૧૪૬૨થી ચાલતું હતું નાણાં બાકી હોવાને કારણે તારીખ ૧૬/૧૦/૨૦૨૦ ના ડિસ્કનેક્ટ કરી નાખવામાં આવેલ.

અમોએ આ જગ્યા ખરીદ કરેલ ત્યારે ઈલેક્ટ્રીકલ ઇન્સ્ટોલેશન તૈયાર છે તે મુજબ આપવામાં આવેલ અને તે માટે તારીખ ૧૦/૦૬/૨૦૨૧ના રોજ વીજ જોડાણ પુન : ચાલુ કરવા માટે અમારા નામે ટ્રાન્સફર કરવા માટે અરજી આપેલ પરંતુ કાર્યપાલક ઈજનેર ભચાઉના પત્ર નં. BDO/REV/06-2021/3334 DT.11/06/2021 થી નવા કનેક્શનણી માંગણી કરવા જણાવેલ અને અમોએ તેમના કહેવા મુજબ કનેક્શનની માંગણી કરેલ.

અમો જેટકો તરફથી આપવામાં આવેલ એસ્ટીમેન્ટમાં "Strengthening OF EHT LINE ના ૧૫ % સુપરવિઝન ચાર્જ પેટે Rs.**154356/-** ૬૬કેવી ફીડર બે (Bay)ના૧૫ % સુપરવિઝન ચાર્જ પેટે Rs.53663/- ના પ્રોરેટા ચાર્જ પેટે Rs.2,47,50,000 (18750 x 1320) ભરવા જણાવેલ તે મુજબ અમોએ ભરપાઈ કરી આપેલ.

અમારા જાણવા મુજબ પ્રોરેટા ચાર્જ જેટકો દ્વારા તેઓના કોમર્શિયલ સરક્યુલર નં-૧ (ACE R/C/EE/DE.2/585 DT.30/11/16 મુજબ વસુલવામાં આવે છે, અને આ સરક્યુલરમાં સ્પષ્ટ જણાવેલ છે કે THE CHARGE TOWARDS LINES TRANSFORMER CENTER AND SERVICE CONNECTION SHALL BE RECOVERED STRICTLY AS PER PROVISION PRESCRIBED BY GERC AT S.R.No.4 &5 UNDER NOTIFICATION No 9 OF 2005 કલમ નં -૫ એચ.ટી.તથા ઈ.એચ.ટી.વીજ જોડાણ માટે લાગુ પડે છે જેમાં કલમ 5 (i)નીચે મુજબ છે.

In case of applications where there is a need to erect a new HT Line or EHT Line from the sub-station or extend the existing HT or EHT line or strengthening of existing HT of EHT Line in order to extend supply to the applicants the distribution licensee, on its own in case of HT and in coordination with Transmission licensee in case of EHT, shall prepare an estimate of the cost of aforementioned work including the cost of terminal and metering arrangements at the premises of the consumer. આ મુજબ strengthening of EHT lineનો ચાર્જ અમોએ ભરપાઈ કરેલ છે તથા કલમ 5 (ii) નીચે મુજબ છે.

In case of applications where there is no need to erect a new sub-station for extending supply to the applicant, the Distribution licensee on its own or in co-ordination with Transmission Licensee, shall prepare an estimate of the cost of the necessary works. In case of applications, when the capacity of existing substation is required to be augmented of <u>differential</u> cost of existing and new such electrical plant will form the basis of calculation of <u>Pro-Rata charges.</u>

અમોએ જે જગ્યાએ ૧૮૭૫૦ કેવીએ નું વીજજોડાણ આપવામાં તે જગ્યાએ જુના માલિકનું ૧૭૭૫૦ કેવીએ નું વીજજોડાણ ચાલુ હતું અને એ પીડીસી થયેલ છે અને અગાઉ ગુજરાત એન.આર.ઈ.કોક નિયમાનુસાર ચાર્જ ભરપાઈ કરેલ છે. અને અમોએ ગુજરાત એન.આર.ઈ.કોક પાસેથી જમીન એન.સી.એલ.ટી.મારફતે ખરીદેલ છે અને અમારા કનેકશનથી સબ સ્ટેશનમાં કોઈપણ જાતનો ફેરફાર થયેલ નથી. જેથી GERC NOTIFICATION No 9 OF 2005 ની કલમ 5 (ii)મુજબ હયાત સબ સ્ટેશનમાં કોઈ ફેરફાર થયેલ ન હોઈ અમારી પાસેથી પ્રોરેટા ચાર્જ લેવા પાત્ર રહેતો નથી. આમ, ન્યાયનાં હિતમાં અમારા પાસેથી વસુલેલ પ્રોરેટા ચાર્જ પેટે Rs.2,47,50,000(18750 x 1320) પરત કરવા પાત્ર છે જેથી અમોને સદરહુ રકમ વ્યાજ સહીત વીજ અધિનિયમની કલમ ૬૨ (૬) મુજબ પરત કરવા યોગ્ય હુકમ આપવા સાહેબને નમ્ર અરજ છે.

2. આ કામના સામાવાળા પશ્ચિમ ગુજરાત વિજ કંપની લી. કચેરી તરફેની રજુઆત એવી છે કે સદરહુ જગ્યા પર આવેલ ઈ.એચ.ટી. કનેક્શનનાં બાકી લેણા ભરપાઈ ન થવાના કારણે ડિસ્કનેશન કરવામાં આવેલ ત્યાર બાદ સદરહુ જગ્યા પર મેસર્સ.પોદાર ઇન્ટરનેશનલને નામ ટ્રાન્સફર કરવા અરજી કરેલ જે માટે એમની કચેરીનાં પત્ર નંબરBDO/REV/06-2021/3334 DT.11/06/2021થી GERC supply code 2015 section 8 clause No 8.6 (2) ક્નેક્સન રદ થયેલ છે. અને GERC supply code 2015 section 4 4.9 to 4.39 મુજબ તેમને નવા કનેક્શનની માંગણી કરવા જણાવેલ જેના અનુસંધાને તેમના દ્વારા તારીખ ૦૧/૦૯/૨૦૨૧ના રોજ ૧૮૭૫૦ કેવીએ ના નવા કનેક્શન ની માંગણી કરવામાં આવેલ અને જેનો ભાવપત્રક તેઓએ તા.૦૩/૧૧/૨૦૨૧નાં રોજ આપવામાં આવેલ. તારીખ ૧૦/૧૧/૨૦૨૧ નાં રોજ ભરપાઈ કરવામાં આવેલ અને નવુ કનેક્શન તારીખ ૦૩/૦૨/૨૦૨૨ ના રોજ રિલિજ કરવામાં આવેલ છે.

સદરહુ એસ્ટીમેન્ટમાં નીચે મુજબ જેટકો ચાર્જ લેવામાં આવેલ.

| | | |
|---|---|---|
| 1 | 15 % Supervision Charges for Erection of 1 Nos of 66 KV feeder Boys at GETCO S/S. | 53,663.00 |
| 2 | 15 % Supervision Charges strengthening Line Podar international (India) Pvt.Ltd. and | 1,54,356.00 |
| 3 | Prorata Charge Rs.1320 Per KVA for 18750 KVA | 2,47,50,000.00 |

આમ,સદરહુ ગ્રાહક દ્વારા ગ્રાહક તકરાર નિવારણ ફોરમ ભુજમાં ફરિયાદ કરતાં તે બાબતની જાણ સબંધિત જેટકો કચેરીને પત્ર નંબર બીડીઓ/સીજીઆરએફ/૨૦૨૨/૪૨૪૭ તા.૨૩/૦૮/૨૨ થી જાણ કરેલ છે.

અગાઉ ઉપરોક્ત (Prorata charge) બાબત એચ.ટી. ગ્રાહક No 31906 મેસર્સ કચ્છ સોલ્ટ એન્ડ એલાઈડ ઇન્ડ લીમીટેડમાં ભુજ ફોરમ કેસ નંબર/PG/03/10/2014-15 માં સદરહુ પ્રોરેટા ચાર્જ રિકવરી બાબત GETCO લગતી હોઈ અરજદારની અરજી રદ કરવામાં આવેલ જેમની સામે અરજદાર દ્વારા વીજ લોકપાલ સમક્ષ કેસ નંબર ૧૭/૨૦૧૫ દાખલ કરવામાં આવેલ જેમની સામે માનનીય વીજ લોકપાલ દ્વારા નીચે મુજબનો હુકમ કરવામાં આવેલ.

The question regarding the approval of pro-rata charges decided by the GETCO is not in purview of the Electricity Ombudsman.

In the above grievance, PGVCL, being a DISCOM, has recovered the pro-rata charges as per the Clause 5(ii) of Notification No.9 of 2005, based on the Circular issued by GETCO to recover the pro-rata charges at the rate of Rs.900 per KVA.

The issue related with fixed rate for calculation of pro-rata charges as circulated by GETCO is a matter concerned to be dealt with by competent authority i.e. Gujarat Electricity Regulatory Commission.

I order accordingly.

No order as to costs.

With this order, representation/Application stands disposed of.

3. બન્ને પક્ષકારોની ઉપરોક્ત રજુઆત જોતા આ કામે આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

સદરહુ પ્રોરેટા ચાર્જ વસુલવાનો પ્રશ્ન અને નિર્ણય જેટકોનાં કાર્યક્ષેત્રમાં આવતો હોઈ જે અત્રેની ફોરમના કાર્યક્ષેત્રમાં આવતો નથી.પીજીવીસીએલ દ્વારા વસુલવામાં આવેલ પ્રોરેટા ચાર્જ GERC NOTIFICATION No 9 OF 2005 ની કલમ 5 (ii)મુજબ જેટકો દ્વારા પ્રસીધ્ધ થયેલ પરિપત્ર મુજબ વસુલવામાં આવેલ છે.

-: હુકમ:-

અરજદારની અરજી નો નિકાલ કરવામાં આવે છે.

ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

આ હુકમ આજ તા. ૦૧/૦૯/૨૦૨૨ ના રોજ જાહેર કર્યો.

| | | |
|---|---|---|
| (આર.જી.કુંપાવત) | (પી.સી.કાલરીયા) | (એન.સી.મકવાણા) |
| સ્વતંત્ર મેમ્બર | મેમ્બર ટેક | ચેરપર્સન |

**ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ ભુજ-કચ્છ.**

નોંધ:

(૧) અરજદાર આ હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિવસ- 30 માં વિધ્યુત લોકપાલમાં રજુઆત કરી શકે છે. આ સાથે વિધ્યુત લોકપાલમાં રજુઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિધ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો-૨૦૧૧ જાહેરનામાં નં.૦૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તોજ રજુઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૭ (૮) મુજબ ફરીયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમનામાં સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃત્તીયાંશ રકમ જમાં કરાવી હોય અને કરેલ ચુકવણી સાબીતી રજુ કરી હોય તોજ તેવી રજુઆત લોકપાલ સ્વીકારશે.

(3) લોકપાલનું સરનામું : વિધ્યુત લોકપાલની કચેરી , જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ. કનક રોડ. ત્રિકોણ બાગ રાજકોટ ૩૬૦૦૦૧